શનિવાર, 22 નવેમ્બર, 2025 માગશર સુદ એકમ

દૈનિક પલ્સ સાથે આગળ રહો.....

# દૈનિક પલ્સ

@dailypulsenews24 | www.dailypulse.org.in | 9909911175 | R.N.I.NO: GJGUJ/25/A1447

✸ માલિક, મુદ્રક, પ્રકાશક, તંત્રી : રાવલ પ્રકાશ જગદીશ ✸ ૧૧/૩ ૩જો માળ, સિદ્ધેશ્વર હોલમાર્ક, અજવા રોડ, વડોદરા-૩૯૦૦૧૯ ✸ દૈનિક સોશિયલ આવૃત્તિ ✸

## વડોદરા: દુબઈ ટૂરના નામે બિલ્ડર સાથે છેતરપિંડી, ઉઘરાણી કરતા 'હાથ-પગ તોડાવવાની' ધમકી

શું તમે પણ પરિવાર સાથે વિદેશ પ્રવાસનું પ્લાનિંગ કરી રહ્યા છો? તો આ સમાચાર તમારા માટે લાલબત્તી સમાન છે. વડોદરામાં એક કન્સ્ટ્રક્શન વ્યવસાયીનો દુબઈ પ્રવાસ યાદગાર બનવાને બદલે આર્થિક અને માનસિક ત્રાસ સમાન બની ગયો છે. હરણી વિસ્તારમાં રહેતા બિલ્ડર મહેશકુમાર ગઢવીએ રાજીવ પારેખ અને તેમના પુત્ર આર્યન પાસેથી ૮.૮૫ લાખનું 'ઓલ-ઈન્ક્લુઝિવ' દુબઈ પેકેજ બુક કરાવ્યું હતું. જોકે, વિદેશની ધરતી પર પહોંચ્યા બાદ પિતા-પુત્રની જોડીએ રંગ બદલ્યો હતો.

નક્કી થયેલા પેકેજના પૈસા ચૂકવાઈ ગયા હોવા છતાં, દુબઈમાં હોટલ અને સાઈટ-સીઈંગના નામે તેમજ ઉછીના પેટે મહેશભાઈ પાસેથી વધુ ૬.૨૪ લાખ રૂપિયા પડાવી લેવામાં આવ્યા હતા. પરિવાર સાથે હોવાથી બિલ્ડરે નાછૂટકે આ રકમ આપી દીધી હતી. પરંતુ અસલી ડ્રામા વડોદરા પરત ફર્યા બાદ શરૂ થયો.

જ્યારે મહેશભાઈએ પોતાના વધારાના નાણાં પરત માંગ્યા, ત્યારે રાજીવ પારેખે શરાફત નેવે મૂકી દીધી હતી. પૈસા આપવાનો ઈન્કાર કરતા તેણે દબંગાઈ દાખવી ધમકી આપી હતી કે, "મારું નેટવર્ક ખૂબ મોટું છે, જો હવે પૈસાની ઉઘરાણી કરી છે તો વડોદરામાં રહેવું મુશ્કેલ કરી દઈશ. તમારા હાથ-પગ તોડાવી નાખીશ અને કન્સ્ટ્રક્શનનો ધંધો કાયમ માટે બંધ કરાવી દઈશ." એક તરફ લાખોની છેતરપિંડી અને બીજી તરફ જીવનું જોખમ ઊભું થતા આખરે ભોગ બનનારે કાયદાનો સહારો લીધો છે. હાલ વારસિયા પોલીસે આ ભેજાબાજ પિતા-પુત્ર સામે ગુનો નોંધી તપાસ તેજ કરી છે.




## જીયાતલાવડીની કિશોરી ઘરેથી નીકળી ગુમ, અપહરણની શંકા

ડભોઈ તાલુકાના જીયાતલાવડી ગામમાં 14 વર્ષ 9 મહિનાની કિશોરી અચાનક ગુમ થવાના બનાવે પરિવાર અને સ્થાનિકોમાં ચિંતા ફેલાવી છે. માહિતી મુજબ, કિશોરી 18 નવેમ્બર, 2025ના રોજ ઘરેથી બહાર નીકળી હતી, પરંતુ ત્યારથી તે ઘરે પરત ફરેલી નથી. પરિવારજનોએ તમામ ઓળખીતાઓ અને નજીકના વિસ્તારોમાં શોધખોળ કરી, છતાં કોઈ સુત્ર મળ્યું નથી. કિશોરી અગાઉ ક્યારેય ઘરને જાણ કર્યા વગર ગાયબ ન થતી હોવાથી મામલો વધુ સંવેદનશીલ બન્યો છે. પરિવારને શંકા છે કે કોઈ અજાણ્યા વ્યક્તિએ તેને પોતાની સાથે લઈ ગયા હોવાની શક્યતા નકારાવી શકાય તેમ નથી. ગાયબગીરીની વાત ઝડપથી ગામમાં ફેલાતા સ્થાનિકોએ પણ તપાસમાં મદદરૂપ થવા પ્રયાસો કર્યા છે. કિશોરી સુરક્ષિત મળવાની આશામાં પરિવાર વ્યથિત છે અને ગ્રામજનો પણ ચિંતિત વાતાવરણમાં છે.

## પાદરા–જંબુસર રોડ પર ટ્રકની ટક્કરે વરિષ્ઠ નાગરિકનું કરુણ અવસાન

પાદરા–જંબુસર રોડ પર ભોખણખાડા નજીક બનેલા અકસ્માતમાં 85 વર્ષીય અમૃતલાલ ચીમનલાલ પ્રજાપતિનું દુઃખદ અવસાન થયું. તેઓ GTPL કેબલનું રિચાર્જ કરાવવા ઘરેથી બહાર નીકળ્યા હતા અને રોડ ક્રોસ કરી રહ્યા હતા ત્યારે જ જંબુસર તરફથી ઝડપે આવી રહેલા આઈશર ટ્રક (GJ 05 BT 6377) એ તેમને જોરદાર ટક્કર મારી. અથડામણ એટલી ગંભીર હતી કે પીડિતને માથામાં ભારે ઈજાઓ થઈ અને તેમની ઘટનાસ્થળે જ મોત નીપજ્યું. અકસ્માત બાદ આસપાસના લોકોએ મદદ કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ગંભીર ઈજાઓને કારણે કોઈ સારવાર શક્ય ન રહી. વરિષ્ઠ નાગરિકના અચાનક અવસાનથી પરિવાર શોકમાં ગરકાવ થયો છે. સ્થાનિકોમાં માર્ગ સુરક્ષા મુદ્દે ફરી ચર્ચા તેજ થઈ છે. ભારે વાહનોની અવરજવર વચ્ચે ગતિનિયંત્રણ અને દેખરેખની અછત હોવાને કારણે આવા અકસ્માતો વધી રહ્યાં હોવાનો રોષ પણ વ્યક્ત થયો છે.

## સમરસ હોસ્ટેલમાં ભોજન મુદ્દે હોબાળો, અધિકારીના રાજીનામાની માંગ

અમદાવાદની પ્રતિષ્ઠિત ગણાતી સમરસ બોયઝ હોસ્ટેલ ફરી એકવાર ગેરરીતિ અને અસુવિધાના કારણે વિવાદના વંટોળમાં ફસાઈ છે. આજે એબીવીપીના કાર્યકર્તાઓ અને વિદ્યાર્થીઓએ હોસ્ટેલના મદદનીશ અધિકારીની ઓફિસમાં ઘૂસી જઈને રામધૂન બોલાવી ઉગ્ર દેખાવો કર્યા હતા. વિદ્યાર્થીઓનો રોષ એ વાત પર છે કે સરકાર તરફથી ભોજન માટે ૩.૫૦ કરોડ રૂપિયાની તોતિંગ ગ્રાન્ટ ફાળવવામાં આવે છે, તેમ છતાં થાળીમાં ભોજનને બદલે જીવડાં અને કાંકરા પીરસવામાં આવી રહ્યા છે.

પરિસ્થિતિની ગંભીરતા વર્ણવતા એક દિવ્યાંગ વિદ્યાર્થીએ મીડિયા સમક્ષ વ્યથા ઠાલવી હતી કે, 'અહીં ભિખારી પણ ન ખાય તેવું જમવાનું મળે છે અને પીવાના પાણીના પણ ફાંફા છે.' આંદોલનકારીઓએ ગંભીર આક્ષેપ કર્યા છે કે જ્યારે વિદ્યાર્થીઓ રિવ્યૂ બુક માંગી ફરિયાદ કરવા જાય છે, ત્યારે અધિકારી તેમને ગાડી ચડાવી દેવાની ધમકી આપે છે. ઉપરાંત, બોગસ દસ્તાવેજોના આધારે ગેરકાયદે પ્રવેશ અપાતો હોવાનો પણ દાવો કરાયો છે. સામે પક્ષે, મદદનીશ અધિકારી વિપુલ પ્રજાપતિએ બચાવ કરતા તમામ આક્ષેપોને પાયાવિહોણા ગણાવ્યા હતા અને દાવો કર્યો હતો કે ભોજનના વિડીયો જુના હોઈ શકે છે. હાલ તો વિદ્યાર્થીઓએ અધિકારીના તાત્કાલિક રાજીનામાની માંગ કરી છે.



## ભોજ નજીક ટ્રેક્ટર અકસ્માતે યુવાનનું મૃત્યુ

વાઘોડિયા તાલુકાના પીપળીયાની શરણમ સ્ટાઈલ સોસાયટીમાં ગેટ નંબર-૨ બંધ કરવા મુદ્દે રહેવાસીઓ વચ્ચે તણાવભર્યું વાતાવરણ સર્જાયું. ફરિયાદી સાગર ગોરખનાથ ગુજર જણાવ્યા મુજબ, ગેટ બંધ કરવાની બાબતને લઈને અદિત્ય પાન્ડે, ચીરંજીવ પાન્ડે, હેમંત પંચાલ અને ખુશ્બુબેન પંચાલ સાથે બોલાચાલી થઈ હતી. તકરાર ઝડપથી ઉગ્ર બની જતા શારીરિક અથડામણ સુધી પહોંચી હતી. ઘટનાક્રમ દરમ્યાન એક આરોપીએ પેવર બ્લોક વડે ફરિયાદીના માથામાં ઈજા પહોંચાડી હતી, જ્યારે સાહેદ પ્રતિકના ખભા પર પણ વાગ્યું હતું. સોસાયટીના દૈનિક વ્યવસ્થાને લઈને શરૂ થયેલો નાનકડો મતભેદ આખરે ગંભીર ઝઘડામાં પરિણમ્યો હતો.

## શિનોરમાં વોટ્સએપ કુરિયર કૌભાંડથી દંપતી છેતરાયા

શિનોર વિસ્તારમાં વોટ્સએપ આધારિત કુરિયર કૌભાંડનો એક વધુ બનાવ સામે આવ્યો છે, જેમાં દંપતીને કુલ ₹1.45 લાખની આર્થિક છેતરપીંડીનો ભોગ બનવું પડ્યું. અજાણ્યા વ્યક્તિએ મહિલાને વોટ્સએપ કોલ કરી દાવો કર્યો હતો કે તેમનું કુરિયર અમદાવાદ એરપોર્ટ પર અટકાયું છે અને તેને છોડાવવા માટે તાત્કાલિક રકમ જમા કરાવવી પડશે. પ્રથમ તબક્કામાં ₹25,000 માગ્યા બાદ, તેણે ફરી કહી દીધું કે CIDએ પાર્સલ રોક્યું છે અને Google Pay દ્વારા વધારાના ₹35,000ની માંગણી કરી. બાદમાં પાર્સલમાં વિદેશી કરન્સી હોવાનો ખોટો ભ્રમ પેદા કરી ચેક ટ્રાન્સફર દ્વારા ₹85,000 માંગ્યા. વિશ્વાસમાં લીધેલા પરિવારે તમામ રકમ ટ્રાન્સફર કરી, બાદમાં છેતરપિંડીની જાણ થતા મામલો પ્રકાશમાં આવ્યો.

## સતત કામગીરીના દબાણે કોડીનારના BLO શિક્ષકનું કરુણ મોત

ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના છારા ગામે ફરજ બજાવતા BLO શિક્ષક અરવિંદ મૂળજી વાઢેર (40)એ માનસિક તણાવ અને કામના વધતા દબાણ વચ્ચે જીવન ટૂંકાવી લીધું. તેમણે દેવળી ખાતે પોતાના મકાનમાં ફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. સ્થળ પરથી મળેલી સુસાઇડ નોટમાં તેમણે સતત મળતા શાસકીય કામ, SIR કામગીરીની જવાબદારીઓ અને માનસિક થાકનો ઉલ્લેખ કર્યો હતો. શિક્ષક વર્ગ પર વધતા દબાણ અને ફરજની તીવ્રતા અંગે આ ઘટનાએ ગંભીર પ્રશ્નો ઊભા કર્યા છે.

## નવા લેબર કોડ લાગુ: નોકરિયાત વર્ગ માટે મોટા ફેરફારો




દેશના કરોડો નોકરિયાત અને શ્રમિક વર્ગ માટે આજે એક ઐતિહાસિક દિવસ છે. કેન્દ્ર સરકાર દ્વારા વર્ષો જૂના ૨૯ શ્રમ કાયદાઓને નાબૂદ કરી તેને સ્થાને ચાર નવા અને સરળ લેબર કોડ અમલી બનાવવામાં આવ્યા છે. હવેથી ફિક્સ ટર્મ કર્મચારીઓને પણ કાયમી કામદારો જેવા જ લાભ મળશે અને સૌથી મહત્વની વાત એ છે કે ગ્રેચ્યુઇટી માટે પાંચ વર્ષની રાહ જોવી નહીં પડે, હવે એક વર્ષની નોકરી બાદ પણ ગ્રેચ્યુઇટીનો લાભ મળવાપાત્ર થશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પર આ નિર્ણયને કામદારોના હિતમાં ગણાવ્યો છે, જ્યારે કેટલાક ટ્રેડ યુનિયનોએ તેનો વિરોધ નોંધાવ્યો છે. નવા નિયમો મુજબ, દરેક કામદારને સમયસર લઘુત્તમ વેતન અને ઓવરટાઇમના નાણાં ચૂકવવા ફરજિયાત બનશે. મહિલા કર્મચારીઓ હવે નાઈટ શિફ્ટમાં પણ સુરક્ષા સાથે કામ કરી શકશે. એટલું જ નહીં, પ્રથમ વખત ગિગ અને પ્લેટફોર્મ વર્કર્સને કાયદેસરની ઓળખ અને સામાજિક સુરક્ષા કવચ પૂરું પાડવામાં આવ્યું છે. જોખમી ઉદ્યોગોમાં કામ કરતા શ્રમિકો માટે મફત વાર્ષિક આરોગ્ય તપાસની જોગવાઈ પણ આ નવા કોડમાં કરવામાં આવી છે, જે એક આવકારદાયક પગલું છે.

સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## આણંદમાં હપ્તાના નામે સીઝરોની દાદાગીરી: વાહનચાલકો ત્રાહિમામ

આણંદ શહેરમાં ફાયનાન્સ કંપનીના બાકી હપ્તા વસૂલવાના નામે 'સીઝરો'નો આતંક હવે હદ વટાવી રહ્યો છે. તાજેતરમાં મહેન્દ્ર શાહ ચોકડી પાસે બબલુ નામના શખ્સે એક બાઈક ચાલકને આંતરીને, મિત્રનું બાઈક હોવા છતાં હપ્તા બાકી હોવાનું કહી દાદાગીરી કરી હતી. જાહેરમાં બિભત્સ વર્તન કરી ફેંટ પકડી વાહન ઝૂંટવવાનો પ્રયાસ કરાયો હતો. જોકે, જાગૃત યુવકે ઉચ્ચ અધિકારીને ફોન કરતા જ કથિત સીઝર રફુચક્કર થઈ ગયો હતો.

માત્ર આ એક ઘટના નથી, પરંતુ બે દિવસ પહેલા એક કારચાલક પણ આનો ભોગ બન્યો હતો. શહેરમાં સામરખા, ગણેશ ચોકડી અને ભાલેજ રોડ પર આવા તત્વો કોઈપણ અધિકૃત ઓળખપત્ર કે કાયદાકીય નોટિસ વિના વાહનચાલકોને રંજાડી રહ્યા છે. નિયમોને નેવે મૂકીને થતી આ ગેરકાયદેસર ઉઘરાણી અને મારામારી સામે નાગરિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

## ભાવનગર SP નિતેશ પાંડેયને DGP કોમેન્ડેશન ડિસ્કનું સન્માન

ગુજરાત પોલીસ બેડામાં પોતાની નિષ્ઠા અને સાહસિક કામગીરી માટે જાણીતા ભાવનગર જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયની યશકલગીમાં વધુ એક પીછું ઉમેરાયું છે. રાજ્ય પોલીસ વડા દ્વારા વર્ષ ૨૦૨૪ના પ્રતિષ્ઠિત 'DGP કોમેન્ડેશન ડિસ્ક' માટે તેમની પસંદગી કરવામાં આવી છે. ૨૦૧૭ બેચના આ આઈ.પી.એસ. અધિકારીએ પ્રોબેશનના સમયથી જ પોતાની કાર્યક્ષમતા સાબિત કરી દીધી હતી.

દ્વારકામાં સાડા ત્રણ વર્ષના કાર્યકાળ દરમિયાન તેમણે મેગા ડિમોલેશન, ડ્રગ્સ માફિયાઓ અને નકલી આયુર્વેદિક સિરપના કૌભાંડો પર આકરી તવાઈ બોલાવી હતી. રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓ ડામવા માટે તેમણે સમુદ્ર માર્ગે ઘૂસણખોરી કરતા ઈરાની નાગરિકોને ઝડપવા હોય કે બોગસ પાસપોર્ટ રેકેટનો પર્દાફાશ કરવો હોય, દરેક મોરચે મજબૂત નેતૃત્વ પૂરું પાડ્યું છે. IIT મદ્રાસના પૂર્વ વિદ્યાર્થી એવા શ્રી પાંડેયને ગુજસીટોક જેવા કડક કાયદાના અમલ માટે અગાઉ કેન્દ્રીય ગૃહમંત્રાલયનું સન્માન પણ મળી ચૂક્યું છે. આગામી ૨૫મી તારીખે ગાંધીનગર ખાતે તેમને વિધિવત રીતે આ એવોર્ડ એનાયત કરવામાં આવશે.



## ખંભાત: ધારાસભ્યના હસ્તે ઈ-રિક્ષા અને પાણીના ટેન્કર અર્પણ

ખંભાત તાલુકાના ગ્રામીણ વિસ્તારોમાં પ્રાથમિક સુવિધાઓને વધુ સુદ્રઢ બનાવવા માટે એક મહત્વપૂર્ણ પગલું લેવામાં આવ્યું છે. ખંભાત તાલુકા પંચાયત કચેરી ખાતે યોજાયેલા એક કાર્યક્રમમાં ધારાસભ્ય ચિરાગભાઈ પટેલના હસ્તે લોક ઉપયોગી વાહનોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

સરકારના સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ઘન કચરાના અસરકારક નિકાલ માટે જલસણ અને લુણેજ ગામને ઈ-રિક્ષાઓ ફાળવવામાં આવી છે, જ્યારે રાલેજ ગ્રામ પંચાયતને પીવાના પાણીની વ્યવસ્થા માટે ટેન્કર અર્પણ કરાયું છે. ધારાસભ્યએ લીલી ઝંડી આપી આ સેવાઓને વિધિવત રીતે ખુલ્લી મૂકી હતી. આ પ્રસંગે તાલુકા પંચાયત પ્રમુખ શિવાનીબેન પટેલ, વહીવટી અધિકારીઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ નવા સાધનો મળવાથી ગામડાઓમાં સ્વચ્છતા અને પાણી વિતરણની કામગીરી વધુ સરળ બનશે.

## દીકરાની બાધા પૂરી કરવા જતા પરિવારને નડ્યો અકસ્માત



અરવલ્લીના ધનસુરા તાલુકાના રુઘનાથપુરા ગામમાં એક એવી હૃદયદ્રાવક ઘટના બની છે, જેણે પંથકના સૌ કોઈના કાળજા કંપાવી દીધા છે. અહીં રહેતા મજૂર પરિવાર કાળુસિંહ પરમારના ઘરે છ દીકરીઓ બાદ દીકરાનો જન્મ થતાં પરિવારમાં ખુશીનો પાર નહોતો. આ દીકરા માટે રાખેલી પાંચમી મન્નત પૂરી કરવા પરિવારજનો મિની ટેમ્પોમાં રાજસ્થાનના રામદેવરા ખાતે પર ગજની ધજા ચડાવવા જઈ રહ્યા હતા. પરંતુ કુદરતને કંઈક અલગ જ મંજૂર હતું. જોધપુર-બાલેસર હાઈવે પર સર્જાયેલા ભયાનક અકસ્માતે આ ખુશીઓને પળભરમાં માતમમાં ફેરવી નાખી છે. ધુમ્મસના કારણે ટેમ્પો અને ટ્રક વચ્ચે થયેલી જોરદાર ટક્કરમાં કુલ ૬ લોકોનાં કમકમાટીભર્યા મોત થયાં છે, જેમાં એક જ પરિવારના ૪ સભ્યોનો સમાવેશ થાય છે. આ ઘટનાની કરુણતા એ છે કે, જે દીકરા હરસિદ્ધ માટે માતા ઈશાબેને વર્ષો સુધી રાહ જોઈ, અનેક શારીરિક પીડા વેઠી અને બાધાઓ રાખી, તે મન્નત પૂરી થાય તે પહેલાં જ રસ્તામાં માતાનું મૃત્યુ થયું. આ દુર્ઘટનામાં ૮ વર્ષની દીકરી નવ્યા અને ભાઈની બે નાની દીકરીઓએ પણ જીવ ગુમાવ્યો છે. જોકે, ૩ વર્ષનો દીકરો હરસિદ્ધ અને પિતા કાળુસિંહનો ચમત્કારિક બચાવ થયો છે. માત્ર ૨૦૦ લોકોની વસ્તી ધરાવતા રુઘનાથપુરા ગામમાં અત્યારે શોકનું મોજું ફરી વળ્યું છે અને આખા ગામમાં ચૂલો સળગ્યો નથી.

## દુબઈ એર શોમાં ભારતનું તેજસ જેટ ક્રેશ: પાઈલટનું મોત, વાયુસેનાએ તપાસના આદેશ

દુબઈના આકાશમાં ભારતીય વાયુસેના માટે શુક્રવારનો દિવસ ગોઝારો સાબિત થયો છે. દુબઈના અલ મક્તૂમ એરપોર્ટ પર ચાલી રહેલા પ્રતિષ્ઠિત એર શો દરમિયાન ભારતનું સ્વદેશી લડાકુ વિમાન તેજસ ક્રેશ થતાં ભારે ખળભળાટ મચી ગયો છે. ભારતીય સમય મુજબ બપોરે ૩:૪૦ વાગ્યે જ્યારે આ વિમાન ડેમો ફ્લાઈટ ભરી રહ્યું હતું, ત્યારે અચાનક જ આ દુર્ઘટના સર્જાઈ હતી. ક્રેશ થતાં જ વિમાન જમીન પર પટકાયું હતું અને જોતજોતામાં ભીષણ આગની લપેટમાં આવી ગયું હતું, જેના કારણે એરપોર્ટ પર કાળા ડિબાંગ ધુમાડાના ગોટા છવાઈ ગયા હતા.

સૌથી આઘાતજનક બાબત એ છે કે આ અકસ્માતમાં તેજસના જાંબાઝ પાઈલટનું પણ દુખદ મૃત્યુ થયું છે, જેની ભારતીય વાયુસેનાએ સત્તાવાર પુષ્ટિ કરી છે. વાયુસેનાએ આ ગંભીર ઘટના પાછળના કારણો જાણવા તાત્કાલિક ઉચ્ચ સ્તરીય કોર્ટ ઓફ ઈન્ક્વાયરીના આદેશ આપ્યા છે. અત્રે નોંધવું રહ્યું કે તેજસ વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયાનો આ બીજો બનાવ છે. આ પહેલાં ૨૦૨૪માં રાજસ્થાનના પોખરણમાં યુદ્ધાભ્યાસ વેળાએ એન્જિનમાં ટેકનિકલ ખામી સર્જાતા તેજસ ક્રેશ થયું હતું. આ ઘટનાને પગલે એર શોમાં શોકનું મોજું ફરી વળ્યું છે.



## સગાઈના દિવસે ગોધરામાં આગથી ચારના કરુણ અંત

ગુરુવારે ગોધરામાં બનેલી આગની હૃદયદ્રાવક ઘટનાએ આખા વિસ્તારમાં શોક છવાઈ ગયો છે. બામરોલી રોડ પર ગંગોત્રીનગરમાં રહેતા દોશી પરિવાર આજે દીકરાની સગાઈ માટે વાપી જવાનો હતો, પરંતુ વહેલી સવારે ઘરમાં લાગેલી આગમાંથી ફેલાયેલા ઝેરી ધુમાડામાં ગૂંગળાઈ જઈ દંપતી અને બે યુવાન પુત્રો સહિત ચારેયના મોત થયા. સગાઈની તૈયારીઓ વચ્ચે આ દુર્ઘટનાએ હર્ષને માતમમાં ફેરવી દીધો છે. સ્થાનિકોમાં ભારે શોક વ્યાપ્યો છે અને ઘટનાની તપાસ ચાલુ છે.

## દૌસા એક્સપ્રેસવે પર ટેન્કર વિસ્ફોટમાં ડ્રાઈવરનો કરુણ અંત

રાજસ્થાનના દૌસામાં દિલ્હી–મુંબઈ એક્સપ્રેસવે પર ગુરુવારે ભયાનક અકસ્માત બન્યો હતો. મુંબઈ તરફ જઈ રહેલા એક ટેન્કરનું ટાયર અચાનક ફાટતાં વાહન સંતુલન ગુમાવી LED પોલ સાથે જોરદાર અથડાયું. અથડામણ પછી સેકન્ડોમાં જ ટેન્કરમાં ભારે વિસ્ફોટ થયો અને આગ પ્રચંડ રૂપ ધારણ કરી ગઈ. આગ એટલી વિકરાળ હતી કે 26 વર્ષીય ડ્રાઈવર આકાશ કેબિનમાં જ ફસાય ગયો અને બહાર નીકળવાનો કોઈ માર્ગ ન મળ્યે જીવતા જ સળગી ગયો. ફાયર બ્રિગેડે આગ ઓલવ્યા બાદ કેબિનમાંથી ડ્રાઈવરનું માત્ર હાડપિંજર જ બહાર કાઢી શક્યું — જે અકસ્માતની હ્રદયકંપાવતી હકીકત દર્શાવે છે. ઘટનાએ સમગ્ર વિસ્તારમાં હચમચાટ મચાવ્યો છે, જ્યારે વધુ તપાસ શરૂ છે.

## કરમસદ: દારૂની હેરાફેરી કરતો નડિયાદનો શખ્સ ઝડપાયો

આણંદ નજીક કરમસદમાં દારૂની હેરાફેરીનો પર્દાફાશ થયો છે. વિદ્યાનગર પોલીસે ચોક્કસ બાતમીના આધારે વોચ ગોઠવીને એક કારને આંતરી હતી, જેમાંથી મોટાપાયે વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો છે. નડિયાદના મિલ રોડ પર રહેતો સની ચૌધરી નામનો શખ્સ પોતાની કારમાં દારૂની ખેપ મારવા આવ્યો હતો ત્યાં જ તે પોલીસના હાથે ઝડપાઈ ગયો હતો. કારની તલાશી લેતા અંદરથી અલગ-અલગ બ્રાન્ડની વિદેશી દારૂની ૨૫ પેટીઓ મળી આવી હતી. પોલીસે દારૂ, કાર અને મોબાઈલ મળીને કુલ ૩.૮૬ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પૂછપરછમાં સામે આવ્યું છે કે આ શખ્સ માત્ર ડ્રાઈવર તરીકે કામ કરતો હતો અને ફોન પર મળેલી સૂચના મુજબ નડિયાદથી દારૂ લાવીને કરમસદમાં ગ્રાહકને ડિલિવરી આપવાનો હતો.

## સામરખા ચોકડી રોડ પર કપચી અને ધૂળનું સામ્રાજ્ય

આણંદમાં વિકાસના કામો હાલ વાહનચાલકો માટે મુસીબતનું કારણ બની ગયા છે. સામરખા ચોકડીથી ભાલેજ ઓવરબ્રિજ સુધીના માર્ગ પર ડિવાઈડર તોડવાની કામગીરી ચાલી રહી છે, જેના કારણે રોડ પર કપચી અને રેતીનું સામ્રાજ્ય ફેલાઈ ગયું છે. પરિણામે, અહીંથી પસાર થતા ટુ-વ્હીલર ચાલકો સ્લીપ ખાઈ જવાના અને નાના-મોટા અકસ્માતોનો ભોગ બની રહ્યા છે. ૪ કરોડથી વધુના માતબર ખર્ચે થઈ રહેલા આ નવીનીકરણ દરમિયાન સતત ઉડતી ધૂળથી સ્થાનિક દુકાનદારો પણ ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

અગાઉ વરસાદી પાણીના ભરાવાને કારણે બિસ્માર બનેલા આ રોડનું સમારકામ જરૂરી છે, પરંતુ તંત્રના અણઘડ આયોજન સામે લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિક રહીશોનો આક્રોશ છે કે જો તંત્ર દ્વારા આ કામગીરી દિવસે કરવાને બદલે રાત્રિના સમયે કરવામાં આવે તો ટ્રાફિક જામ અને અકસ્માતોની સમસ્યા હળવી થઈ શકે તેમ છે. હાલ તો તંત્રની બેદરકારીના કારણે સામાન્ય નાગરિકો હાલાકી ભોગવવા મજબૂર બન્યા છે.

સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## ગુજરાતમાં ઓઇલ-કેમિકલ ઇમર્જન્સી માટે રાજ્યવ્યાપી મોકડ્રિલ

ગુજરાતમાં આજે ઓઇલ અને કેમિકલ ઇમર્જન્સી મેનેજમેન્ટ માટે રાજ્યભરમાં પહેલીવાર વિશાળ મોકડ્રિલ યોજાઈ. ભરૂચ, સુરત, દેવભૂમિ દ્વારકા, જામનગર અને કચ્છ સહિત 12 સંવેદનશીલ સ્થળોએ રિફાઇનરી, ગેસ પાઇપલાઇન તથા ટેન્ક ફાર્મમાં આગ, ગેસ લીકેજ અને ઓઇલ પાઇપલાઇન તૂટવા જેવી પરિસ્થિતિઓનું સિમીલેશન કરાયું. સમગ્ર કામગીરીનું મોનીટરીંગ SEOC, ગાંધીનગર દ્વારા લાઇવ કરવામાં આવ્યું.

આ ડ્રિલમાં SEOC, GSDMA, આર્મી, એરફોર્સ, પોલીસ, ફાયર, NDRF અને જિલ્લા તંત્ર મળીને 250 જેટલા અધિકારીઓ જોડાયા. અધિક મુખ્ય સચિવ જયંતિ રવીએ જણાવ્યું કે ડ્રિલનો હેતુ સંભાવિત આકસ્મિક પરિસ્થિતિમાં સંકલિત અને ઝડપી પ્રતિભાવની ચકાસણી કરવાનો છે. દર બે વર્ષે આવી રાજ્યસ્તરીય ડ્રિલ યોજાશે.

# ભાવનગર SOG એ ચોરીના મોબાઈલ સાથે યુવકને ઝડપી લીધો

ભાવનગર: શહેરમાં વધી રહેલી મોબાઈલ ચોરીની ઘટનાઓ વચ્ચે ભાવનગર સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) ને મોટી સફળતા મળી છે. એક જાગૃત નાગરિકની જેમ પોલીસે બાતમીના આધારે વોચ ગોઠવીને પ્લોટગેટ વિસ્તારમાંથી ચોરીના મોબાઈલ સાથે ફરતા એક શખ્સને ઝડપી પાડ્યો છે.

આ સમગ્ર ઘટનાની વિગત એવી છે કે, ભાવનગર રેન્જ આઈજી અને એસપી દ્વારા મિલકત સંબંધી ગુનાઓ ઉકેલવા માટે ખાસ ડ્રાઈવ ચલાવવામાં આવી રહી છે. જે અન્વયે SOG પી.આઈ. સુનેસરાની ટીમ શહેરમાં પેટ્રોલિંગ કરી રહી હતી. ત્યારે પ્લોટગેટ ચોકી પાસે રોડ પર રાજુભાઈ ભગવાનભાઈ ગોહિલ (ઉ.વ. ૩૨) શંકાસ્પદ રીતે આંટાફેરા મારી રહ્યો હતો.

પોલીસને બાતમી હતી કે આ શખ્સ પાસે ચોરીનો મુદ્દામાલ છે. પોલીસે તેને રોકીને તપાસ કરતા તેની પાસેથી 'નથીંગ' (Nothing) કંપનીનો મોડેલ A059P મોબાઈલ મળી આવ્યો હતો, જેની બજાર કિંમત આશરે ૨૦,૦૦૦ રૂપિયા છે. એક સામાન્ય મજૂરી કામ કરતા શખ્સ પાસે આવો મોંઘો ફોન જોઈને પોલીસને શંકા વધુ પ્રબળ બની હતી. જ્યારે પોલીસે તેને ફોનના માલિકી હક અંગેના પુરાવા માંગ્યા ત્યારે તે કોઈ સંતોષકારક જવાબ આપી શક્યો ન હતો. SOG એ ટેકનિકલ સર્વેલન્સ અને IMEI નંબરના આધારે તપાસ કરતા માલૂમ પડ્યું કે આ મોબાઈલ નિલમબાગ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ચોરાયો છે અને આ અંગે અગાઉ ગુનો પણ નોંધાઈ ચૂક્યો છે. આખરે ચોરીનો ભાંડો ફૂટતા SOG એ આરોપી રાજુ ગોહિલની ધરપકડ કરી હતી અને ચોરીનો મોબાઈલ જપ્ત કરી આગળની કાર્યવાહી માટે તેને નિલમબાગ પોલીસ સ્ટેશન ખાતે સોંપવામાં આવ્યો છે.



## આણંદની ડી.એન. સ્કૂલમાં વિદ્યાર્થીઓને ફાયર સેફ્ટીની તાલીમ



આણંદમાં વિદ્યાર્થીઓની સુરક્ષા અને જાગૃતિના ભાગરૂપે ચરોતર ઈંગ્લીશ મીડીયમ સ્કૂલ (ડી.એન. હાઈસ્કૂલ) ખાતે એક મહત્વપૂર્ણ ફાયર સેફ્ટી મોકડ્રિલનું આયોજન કરવામાં આવ્યું હતું. કરમસદ-આણંદ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસના ઉપક્રમે યોજાયેલા આ કાર્યક્રમમાં ૨૪૫ વિદ્યાર્થીઓ અને ૧૦ શિક્ષકોને આગ જેવી હોનારત સમયે બચાવની કામગીરી કેમ કરવી તેની સઘન તાલીમ આપવામાં આવી હતી.

આણંદ ફાયર ઓફિસર ધર્મેશ ગોરના સીધા માર્ગદર્શન હેઠળ, સબ ફાયર ઓફિસર હિંમત ભુરીયા, લીડિંગ ફાયરમેન ભાવેશભાઈ વરુ અને મુકેશ પરમારે વિદ્યાર્થીઓને આગ ઓલવવાની વિવિધ પદ્ધતિઓનું લાઈવ પ્રેક્ટિકલ ડેમોસ્ટ્રેશન આપ્યું હતું. તાલીમ દરમિયાન વિદ્યાર્થીઓને સમજાવવામાં આવ્યું હતું કે કટોકટીની પળોમાં ગભરાયા વગર રેસ્ક્યુ સાધનોનો ઉપયોગ કેવી રીતે કરવો અને પ્રાથમિક સેફ્ટીના પગલાં કઈ રીતે લેવા. માત્ર થીયરી જ નહીં, પરંતુ સાધનોના પ્રત્યક્ષ નિદર્શન દ્વારા વિદ્યાર્થીઓ અને શિક્ષકોને સંપૂર્ણ માહિતગાર કરાયા હતા. આણંદ ફાયરબ્રિગેડ દ્વારા શહેરની તમામ શાળાઓ અને કોલેજોમાં આ પ્રકારનું જનજાગૃતિ અભિયાન સતત ચલાવવામાં આવી રહ્યું

## ઇનામની લાલચમાં વાઘોડિયાના યુવકે ૨.૭૫ લાખ ગુમાવ્યા

"વડોદરાના વાઘોડિયામાં ઓનલાઈન ઇનામની લાલચ એક યુવકને ભારે પડી છે. ફળિયુ ગામના વિનોદભાઈ પઢિયારને ફેસબુક પર દુબઈની પ્રખ્યાત ઝમઝમ ઈલેક્ટ્રોનિક્સના નામે લોટરી લાગ્યાનો મેસેજ મળ્યો હતો. ગઠિયાઓએ સોનું, આઈફોન અને રોકડા ૫ લાખનું પાર્સલ મુંબઈ એરપોર્ટ પર આવ્યું હોવાની વાતોમાં તેમને ફસાવ્યા હતા. મોંઘી ભેટ મેળવવાની લ્હાયમાં યુવકે કટકે કટકે ૨.૭૫ લાખ રૂપિયા ટ્રાન્સફર કરી દીધા હતા. અંતે ન તો પાર્સલ મળ્યું કે ન પૈસા પાછા આવ્યા. સાયબર ક્રાઈમની આ ઘટના નાગરિકો માટે લાલબત્તી સમાન છે."

## પાદરામાં ચૂંટણી કામગીરી દરમિયાન BLO શિક્ષકની તબિયત લથડી

"પાદરામાં ચૂંટણી લક્ષી કામગીરીનું ભારણ હવે કર્મચારીઓના જીવ પર આવી રહ્યું હોય તેવો ઘાટ સર્જાયો છે. ભોજની પી.આર. પટેલ હાઈસ્કૂલના શિક્ષક અને BLO ઝુલ્ફીકાર પઠાણ સાંજે SIR ની કામગીરીમાં હતા, ત્યારે અચાનક છાતીમાં દુખાવો ઉપડતા તેમને તાત્કાલિક વડુ હોસ્પિટલ ખસેડવા પડ્યા હતા. આ ઘટનામાં સાથી કર્મચારીઓએ તંત્ર સામે ભારે રોષ વ્યક્ત કર્યો છે. તેમનો આક્ષેપ છે કે ઉચ્ચ અધિકારીઓને જાણ કરવા છતાં કોઈ મદદે આવ્યું ન હતું. હાલ નાદુરસ્ત તબિયતના કારણે શિક્ષકને વધુ સારવાર માટે ખસેડવાની તજવીજ હાથ ધરાઈ છે."

## અમદાવાદ: તોડકાંડમાં જેલ હવાલદાર સહિત બે ઝડપાયા

અમદાવાદમાં પોલીસના સ્વાંગમાં ભરૂચના યુવકનું અપહરણ કરી ખંડણી માંગવાના ચકચારી કેસમાં મહત્વનો ખુલાસો થયો છે. પોલીસે આફતાબ પઠાણ અને જેલ હવાલદાર યાજ્ઞિક ચાવડાની ધરપકડ કરી રિમાન્ડ મેળવ્યા છે. આરોપીઓએ ફરિયાદીને ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી ૫૦ લાખ માંગ્યા હતા અને અંતે સાડા ચાર લાખ પડાવ્યા હતા. બીજી તરફ, ઘટના સમયે સાથે રહેલી યુવતી હજુ સુધી પોલીસ સમક્ષ આવી નથી, જેથી તેને નોટિસ ફટકારવામાં આવી છે. ફરાર અન્ય બે આરોપીઓની શોધખોળ ચાલુ છે.

## અટલાદરા-સ્વામિનારાયણ રોડ પર 45 ગેરકાયદે યૂનિટો તોડાયા

વડોદરા મહાનગરપાલિકાની દબાણ શાખાએ શહેરના દક્ષિણ ઝોનમાં આવેલ અટલાદરા-સ્વામિનારાયણ મંદિર મેઇન રોડ પર મેગા એન્ક્રોચમેન્ટ રિમૂવલ ઓપરેશન હાથ ધર્યું. બુલડોઝર અને JCBની મદદથી રોડ કિનારે વર્ષોથી ગેરકાયદે ઉભા કરાયેલા 45 જેટલા કાચા-પાકા યુનિટો, દુકાનો, લારી-ગલ્લા અને છાપરાંઓને તોડી પાડવામાં આવ્યા. અટલાદરા વિસ્તારમાં ગત વર્ષોમાં મોટી પ્રમાણમાં વસતિ અને વાહનવ્યવહાર વધ્યો છે. રોડ સંકીર્ણ બની જતાં ટ્રાફિકજામ દૈનિક સમસ્યા બની હતી. દુકાનો અને દબાણો માર્ગ પર અડચણ ઉભી કરતા હોવાથી સ્થાનિકોએ અનેક વાર પાલિકા પાસે ફરિયાદ કરી. આ ફરિયાદોને આધારે તંત્રએ આજે આ વિસ્તારને દબાણમુક્ત કરવાનો નિર્ણય લીધો. કાર્યવાહી દરમિયાન 5 બુલડોઝર, JCB, કાટમાળ માટે ટ્રક-ટ્રેક્ટર, વીજ વિભાગની ટીમ અને અવલોકન માટે પોલીસ તથા SRP તૈનાત રહી. વીજ પુરવઠાના તાર દૂર કરવા મધ્ય ગુજરાત વીજ કંપનીનું સ્ટાફ અને તાત્કાલિક પરિસ્થિતિ માટે એમ્બ્યુલન્સ પણ હાજર રાખવામાં આવી. સ્થાનિક રહીશો અને દુકાનદારો મોટી સંખ્યામાં એકઠા થયા હતા, પરંતુ શાંતિપૂર્ણ વાતાવરણ જળવાઈ રહે તે માટે સમજાવટ કરીને તેમને સ્થળેથી દૂર ખસેડવામાં આવ્યા. આ વિસ્તારમાં દબાણોને લઈને વર્ષો જૂના કેસ કોર્ટમાં પ્રલંબિત હતા, તથાપિ ટ્રાફિકની ગંભીર સમસ્યાને કારણે પાલિકાએ અંતિમ ચુકાદા પહેલાં જ મેગા ઓપરેશન હાથ ધર્યું. આ કામગીરીથી અટલાદરા-સ્વામિનારાયણ મંદિર રોડ પર આવતા દિવસોમાં વાહનવ્યવહાર સરળ બનવાની અપેક્ષા છે.



## ઓનલાઇન શેર ઇન્વેસ્ટમેન્ટના નામે ડભોઈ યુવકને છેતરાયો

વડોદરા જિલ્લાના ડભોઈ તાલુકાના ચાણોદ ગામમાં ઑનલાઇન શેર ટ્રેડિંગના નામે થયેલી મોટી સાયબર છેતરપિંડી સામે આવી છે. મીત ભટ્ટ નામના યુવકને ટેલિગ્રામ પર 'ટ્રેડ વિથ વિકાસ' નામની લિંક મોકલી માત્ર ₹10,000ના ઇન્વેસ્ટમેન્ટ પર ₹40,000 સુધીના નફાનું આકર્ષક પ્રલોભન અપાયું. યુવકે લિંક પર ક્લિક કરતા વોટ્સએપ પર ચેટ શરૂ થઈ અને શરૂઆતમાં 57 હજારનું ફેક પ્રોફિટ બતાવી વિશ્વાસ જીતવામાં આવ્યો.

યુવકને નિશાન બનાવતા ઠગોએ GST, બ્રોકરેજ, વેરિફિકેશન ફી, મેનેજર ચાર્જ અને વિડ્રોઅલ ચાર્જ સહિતના વિવિધ બહાને સતત નાની-મોટી રકમ માંગતા રહ્યા. દરેક વખતે અલગ અલગ UPI ID પર પેમેન્ટ કરાવવા કહેવામાં આવ્યું. ધીમે ધીમે કુલ ₹2.38 લાખથી વધુની રકમ ઠગાઈ ગઈ.

પૈસા ખૂટતાં યુવકે માસીના દીકરા સાથે વાત કરતાં સમગ્ર બાબત ફ્રોડ હોવાનું સ્પષ્ટ થયું. ત્યારબાદ તેણે તરત જ સાયબર ક્રાઈમ હેલ્પલાઇન 1930 પર સંપર્ક કરી અને ચાણોદ પોલીસ મથકે લેખિત ફરિયાદ નોંધાવી.

આ ઘટના ફરી એકવાર દર્શાવે છે કે નકલી ઇન્વેસ્ટમેન્ટ સ્કીમ, સોશિયલ મીડિયા લિંક, અને ફેક પ્રોફિટ સ્ક્રીનશોટ દ્વારા યુવાનોને નિશાન બનાવતા સાયબર ગેંગ સતત સક્રિય છે. નિષ્ણાતો સલાહ આપે છે કે અજાણી લિંક, ઊંચા નફાની ઓફર અને અગમ્ય UPI ID પર પેમેન્ટની માંગ હોય તો તરત સતર્ક થવું જોઈએ. હાલ ચાણોદ પોલીસ વધુ તપાસ કરી રહી છે.

સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## ગુંચવાયેલી મતદાર યાદી સુધારા પ્રક્રિયામાં બીએલઓ પર વધ્યો ભાર

ગુજરાતમાં મતદાર યાદી રિવિઝન (SIIR) શરૂ થતાં જ ટેક્નિકલ ખામીઓ અને તૈયારીના અભાવે ગૂંચવણ સર્જાઈ છે. BLO એપ અને ચુંટણી પંચની વેબસાઇટ વારંવાર બંધ પડતાં શિક્ષકો અને બીએલઓને ઘર–ઘર દોડવું પડી રહ્યું છે. 2002ની યાદી પરથી નામ ચકાસવાનો ભાર સીધી જનતા પર મૂકાતા લોકો કામ-ધંધા છોડીને બીએલઓ પાછળ ભટકી રહ્યા છે.

સરકારી સ્ટાફ રિવિઝન કાર્યમાં વ્યસ્ત હોવાથી અન્ય શાસકીય સેવાઓ પ્રભાવિત થઈ રહી છે. રાજકીય પક્ષોની મેદાની હાજરી સીમિત છે—જાહેર સહાયની જાહેરાત છતાં મદદ ભાગ્યે જ દેખાઈ રહી છે.

રાજકોટ સહિત અનેક જિલ્લામાં કાર્ય માત્ર 35 ટકા જેટલું પૂરું થયું છે, જ્યારે બીજો રાઉન્ડ શરૂ થવાનો છે. સમયસર અને નિષ્કલંક મતદાર યાદી તૈયાર થશે કે નહીં તે અંગે લોકોમાં ચિંતા વધી રહી છે.

## ગોધરામાં આગથી જ્વેલર્સ દોશી પરિવારના ચાર સભ્યોનાં કરુણ મોત



ગોધરાના બામરોલી રોડ પર આવેલા ગંગોત્રીનગર વિસ્તારમાં વહેલી સવારે સર્જાયેલી આગની ભયાનક દુર્ઘટનાએ એક જ પરિવારના ચાર સભ્યોને કાળનો ગ્રાસ બનવા પર મજબૂર કર્યા. શહેરના જાણીતા જ્વેલર્સ કમલ દોશી, તેમની પત્ની દેવલબેન અને બે યુવાન પુત્રો દેવ તથા રાજનું કરુણ અવસાન થયું. દોશી પરિવાર શહેરમાં 60–70 વર્ષ જૂની સોના-ચાંદીની પ્રતિષ્ઠિત દુકાન ચલાવતો હતો. આજે પુત્ર દેવ દોશીની સગાઈ હતી, જેના ઉત્સાહમાં પરિવાર રાત્રે એક વાગ્યા સુધી સગાં–મિત્રો સાથે બેઠો હતો. પ્રાથમિક માહિતી મુજબ સોફામાં લાગેલી આગ ઘરમાં ધીમે ધીમે ફેલાઈ અને ઝેરી ધુમાડો ઘરમાં છવાતાં પરિવાર નિંદ્રામાં જ ગૂંગળાઈ ગયો. સવારે કાર ડ્રાઈવર અને સગાને બેલનો કોઈ પ્રતિસાદ ન મળતાં પડોશીઓએ દરવાજો ખખડાવ્યો. શંકા વધતાં બારણે પથ્થર મારતાં ધુમાડો દેખાતા તરત જ પોલીસ અને ફાયર ટીમને બોલાવવામાં આવી. ફાયર બ્રિગેડે દરવાજો તોડી રેસ્ક્યૂ ઓપરેશન ચલાવી ચારેયને બહાર કાઢી હોસ્પિટલ પહોંચાડ્યા, પરંતુ તેમને બચાવી શકાયાં નહોતાં. દોશી પરિવારના આકસ્મિક અવસાનને કારણે વેપારી વર્ગ, પડોશીઓ અને સ્થાનિકોમાં શોકની લાગણી છવાઈ ગઈ. અદુમ્બર કૂવા વિસ્તારના જ્વેલર્સે દુકાનો બંધ રાખીને શ્રદ્ધાંજલિ આપી. પરિવારના મોટા પુત્ર દેવની સગાઈની ખુશી માતમમાં ફેરવાઈ જતાં શહેરમાં હૃદયદ્રાવક વાતાવરણ સર્જાયું છે.

## સાવલીમાં સરદાર પટેલ 150મી જન્મજયંતિ યુનિટી માર્ચ

સાવલી શહેરમાં સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મજયંતિના અવસરે યુનિટી માર્ચનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું. ધારાસભ્ય કેતન ઇનામદારના નિવાસસ્થાનેથી શાંતિપૂર્ણ અને સુવ્યવસ્થિત રીતે શરૂ થયેલી આ યાત્રામાં જિલ્લા પંચાયતના પ્રમુખ, તાલુકાના અગ્રણીઓ, વિવિધ સમાજના આગેવાનો, મહિલા મંડળો અને સેકડો નાગરિકોએ સક્રિય ભાગ લીધો. સાવલીથી ભમ્મર-ઘોડા સુધીના માર્ગ પર યુનિટી માર્ચે રાષ્ટ્રીય એકતા, સૌહાર્દ અને સમાજિક જોડાણનો સંદેશ પ્રસરાવ્યો. સરદાર પટેલના રાષ્ટ્રનિર્માણ કાર્યો અને એકતા–અખંડિતતાના વિચારોને યાદ કરતાં નાગરિકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો.

માર્ચનું સમાપન ભમ્મર-ઘોડા ખાતે સન્માનસભાથી કરવામાં આવ્યું, જ્યાં ભાગ લેનાર નાગરિકોને અભિનંદન પાઠવ્યા અને એકતા–સદભાવના સંદેશને આગળ વધારવાની અપીલ કરવામાં આવી.

**રિપોર્ટર: કિરણસિંહ સોલંકી, ડેસર**

**રાષ્ટ્રીય એકતા સંદેશ સાથે સાવલીમાં સરદાર પટેલ જયંતિ યુનિટી માર્ચ યોજાયો**



## અમેરિકન જોબડેટાના બે-તરફી સંકેતોથી સોનું–ચાંદી ગગડ્યા

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આવતીકાલે રાજકોટની ટૂંકી મુલાકાતે આવી પહોંચશે. સવારના 10 વાગ્યે હીરાસર આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર આગમન બાદ તેઓ આત્મીય કોલેજમાં ગ્રેટર ચેમ્બરના કાર્યક્રમમાં જોડાશે, જ્યાં ભવનના ભૂમિપૂજન, સન્માન તથા ઈન્ડસ્ટ્રી ડિરેક્ટરીનું વિમોચન કરશે. ત્યારબાદ શ્યામા પ્રસાદ મુકર્જી આર્ટ ગેલેરી ખાતે એક્ઝિબિશન નિહાળી અનંતર મ્યુનિસિપલ કોર્પોરેશનના વિકાસ કામોના લોકાર્પણ અને ખાતમૂહૂર્તમાં હાજરી આપશે. કલેક્ટરે આજે પ્રોટોકોલ અંગે બેઠક

## મગજના વિચારોને શબ્દોમાં બદલતી એઆઈ ટેકનિકથી ચર્ચા

જાપાની વૈજ્ઞાનિકોએ એવી એઆઈ ટેકનિક વિકસાવી છે જે મગજમાં બનેલી દૃશ્ય કલ્પનાઓને શબ્દોમાં બદલવામાં સક્ષમ છે. તોમોયાસુ હોરિકાવાની ટીમે fNIRS આધારિત માઈન્ડ કૅપ્શનીંગ સિસ્ટમ વિકસાવી, જેમાં 22–37 વર્ષની વયના સ્વયંસેવકોના મગજને 2180 અવાજ વિનાના વીડિયો દર્શાવતા સ્કેન કરવામાં આવ્યા. એઆઈએ વીડિયો કેપ્શનને નંબરોમાં બદલ્યા અને પછી તે જ પેટર્ન મગજના સ્કેન સાથે જોડીને લોકોના વિચારોને ટેક્સ્ટમાં રૂપાંતરિત કર્યા. સંશોધકોના મતે આ ટેકનિક બોલવા અસમર્થ લોકો માટે જીવનમાં મોટી બદલાવ લાવી શકે છે. જોકે નિષ્ણાતો ચેતવણી આપે છે કે જો આ શોધનો દુરૂપયોગ થાય તો વ્યક્તિગત પ્રાઇવસીએ ગંભીર જોખમનો સામનો કરવો પડી શકે છે.

## સરદાર પટેલ 150મી જન્મજયંતિએ લાઠી-ભુરખીયા પદયાત્રા

સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મજયંતિના અવસર પર લાઠી–બાબરા–દામનગર વિધાનસભા ક્ષેત્ર દ્વારા લાઠીથી ભુરખીયા હનુમાન મંદિર સુધી ભવ્ય અને વિશાળ પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું. સરદાર પટેલના રાષ્ટ્રનિર્માણમાં આપેલા અવિસ્મરણીય યોગદાનને યાદ કરતાં આ પદયાત્રાએ વિસ્તારમાં ઉત્સાહ અને એકતાનો અનોખો માહોલ સર્જ્યો.

સવારના પ્રારંભથી જ નાગરિકો, યુવાનો, મહિલાઓ અને વિવિધ સંસ્થાઓ મોટી સંખ્યામાં જોડાયા. રસ્તામાં વિવિધ સ્થળોએ આવકાર, પ્રેરણાત્મક સૂત્રો અને સરદાર પટેલના વિચારોથી પ્રેરિત સંદેશ આપવામાં આવ્યા. પદયાત્રાનો મુખ્ય ઉદ્દેશ રાષ્ટ્રીય એકતા, સમાજસેવા અને સંકલનની ભાવનાને પ્રબળ બનાવવાનો હતો. કાર્યક્રમમાં સાંસદ ભરતભાઈ સુતરીયા, જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી તથા ધારાસભ્ય જનકભાઈ તળાવીયા વિશેષ ઉપસ્થિત રહ્યા અને પદયાત્રામાં નાના–મોટા તમામ લોકો સાથે જોડાયા. યુવા અગ્રણી તુષાર રામાણી તથા અનેક સેવાભાવી કાર્યકર્તાઓએ આયોજનમાં સક્રિય ભાગ ભજવ્યો. માર્ગમાં પાણી, તબીબી સેવા અને વ્યવસ્થિત વ્યવસ્થા કરવામાં આવી હતી.

ભુરખીયા હનુમાન મંદિર ખાતે પદયાત્રાનું સમાપન સત્સંગ, પ્રાર્થના અને સમાજને એકતાના સંદેશ સાથે થયું. સરદાર પટેલની 150મી જયંતિ નિમિત્તે યોજાયેલી આ પદયાત્રાએ વિસ્તારમાં સામાજિક જોડાણને વધુ મજબૂત બનાવ્યું.

**રિપોર્ટર: મનિષ રામાણી**

**સરદાર પટેલની 150મી જન્મજયંતિ નિમિત્તે લાઠીથી ભુરખીયા હનુમાન મંદિર સુધી ભવ્ય પદયાત્રા યોજાઈ, મોટી ઉપસ્થિતિ સાથે.**



## મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના રાજકોટ પ્રવાસે અનેક કાર્યક્રમો

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આવતીકાલે રાજકોટની ટૂંકી મુલાકાતે આવી પહોંચશે. સવારના 10 વાગ્યે હીરાસર આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર આગમન બાદ તેઓ આત્મીય કોલેજમાં ગ્રેટર ચેમ્બરના કાર્યક્રમમાં જોડાશે, જ્યાં ભવનના ભૂમિપૂજન, સન્માન તથા ઈન્ડસ્ટ્રી ડિરેક્ટરીનું વિમોચન કરશે. ત્યારબાદ શ્યામા પ્રસાદ મુકર્જી આર્ટ ગેલેરી ખાતે એક્ઝિબિશન નિહાળી અનંતર મ્યુનિસિપલ કોર્પોરેશનના વિકાસ કામોના લોકાર્પણ અને ખાતમૂહૂર્તમાં હાજરી આપશે. કલેક્ટરે આજે પ્રોટોકોલ અંગે બેઠક યોજી હતી.

## અમેરિકન જોબડેટાના બે-તરફી સંકેતોથી સોનું–ચાંદી ગગડ્યા

સોનું–ચાંદીના બજારમાં ફરી મોટો કડાકો જોવા મળ્યો છે. આજે સોનામાં ₹500 તથા ચાંદીમાં ₹3530નો ઘટાડો થતાં ભાવ અનુક્રમે ₹1,26,100 અને ₹1,55,720એ પહોંચ્યા. અમેરિકાના તાજેતરના જોબડેટાએ વૈશ્વિક બજારોમાં ગૂંચવણ વધારી છે. સપ્ટેમ્બર પે-રોલ ડેટામાં તેજ વધારો જોવા મળતા વ્યાજદર ઘટાડાના ચાન્સ ઘટ્યા હતા, જેનાથી બુલિયન દબાણમાં આવ્યું. જોકે અનએમ્પ્લોયમેન્ટ ક્લેઈમ ત્રણ વર્ષની ઊંચાઈએ પહોંચતા કિંમતમાં સુધારો પણ દેખાયો. બે-તરફી આર્થિક સંકેતોને કારણે સોનું–ચાંદીમાં ચડાવ–ઉતાર વધ્યા છે.

## વંદે ભારત સ્લીપર ટ્રેન આવતા મહિને સેવા શરૂ

દેશની પ્રથમ વંદે ભારત સ્લીપર ટ્રેન આવતા મહિને શરૂ થવાની છે એવું રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવે જણાવ્યું. તેમણે જણાવ્યું કે પ્રથમ રેકની ચકાસણી બાદ મળેલા સૂચન મુજબ બોગી અને સીટમાં થોડા જરૂરી ફેરફાર કરવામાં આવી રહ્યા છે. મુસાફરોની સુવિધા અને સુરક્ષાને પ્રાથમિકતા આપીને ઉચ્ચ ધોરણ જાળવવામાં આવી રહ્યાં છે. કોઈ શૉર્ટકટ અપનાવવામાં આવશે નહીં એ વાત પર તેમણે ભાર મુક્યો. આ દરમ્યાન RDSOની આગેવાની હેઠળ વધુ એક વંદે ભારત સ્લીપર રેકનું સફળ ટ્રાયલ પૂર્ણ થયું. BEML દ્વારા બનાવવામાં આવેલી આ સેમી હાઈ સ્પીડ સ્લીપર ટ્રેન લાંબી મુસાફરીમાં નવા યુગની શરૂઆત લાવશે તેવી અપેક્ષા છે.

સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## લોનકોટડા આરોગ્ય મંદિરનું ઉદ્ઘાટન, ધારાસભ્ય હાજર

અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના લોનકોટડા ગામે આજે નવા આરોગ્ય મંદિરનું શુભ મુહૂર્ત ધારાસભ્ય જનકભાઈ તળાવિયાના હસ્તે કરવામાં આવ્યું. ગામમાં આરોગ્ય સુવિધાઓને વધુ મજબૂત કરવા માટે શરૂ કરાયેલા આ આરોગ્ય મંદિરથી સ્થાનિક નાગરિકોને પ્રાથમિક સારવાર, માર્ગદર્શન અને નિયમિત ચેકઅપ જેવી સેવાઓ સરળતાથી પ્રાપ્ત થશે. કાર્યક્રમમાં બાબરા મહામંત્રી હિતેશભાઈ, ભાજપ પ્રમુખ બાબુભાઈ રામાણી, લોનકોટડા ગ્રામ પંચાયતના સરપંચ ગોવિંદભાઈ તથા ગામના વડીલો, આગેવાનો અને ગ્રામજનો હાજર રહ્યા. ઉદ્ઘાટન પ્રસંગે આરોગ્ય સેવાઓના વિસ્તરણ સાથે ગામના વિકાસ માટે વધુ પ્રયત્નો કરવાની વાત પણ જવાબદારોએ કરી. ગ્રામજનોમાં આ નવા પ્રોજેક્ટ અંગે ઉત્સાહ જોવા મળ્યો છે અને ઘણા લોકોએ આ સુવિધાને ગામ માટે સમયોચિત ગણાવીને સ્વાગત કર્યો.

## વડોદરામાં પ્રદીપ મિશ્રાજી દ્વારા શિવમહાપુરાણ કથાનું આયોજન




તાપી જિલ્લાના સોનગઢ તાલુકાના ટાપરવાડા ગામે જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ–તાપી સંચાલિત નવી પ્રાથમિક શાળાનું લોકાર્પણ સમારોહ વિધિવત્ રીતે યોજાયો. ગ્રામ્ય વિસ્તારમાં શિક્ષણ સુવિધાઓને વધુ સશક્ત બનાવવાના હેતુથી તૈયાર કરાયેલી આ નવી શાળાનું ઉદ્ઘાટન જિલ્લાપંચાયત પ્રમુખ જાલમસિંગ વસાવા, ભૂતપૂર્વ પ્રમુખ સુરજભાઈ વસાવા અને પદ્મશ્રી રમીલાબેન ગામીતની વિશેષ હાજરીમાં કરવામાં આવ્યું.

ગ્રામ પંચાયતના સરપંચ એલિશાબેન એ. ગામીત તથા ઉપસરપંચ સુરેશભાઈ ગામીતે શાળાના વિકાસ માટે સ્થાનિક સ્તરે વધુ સહકાર આપવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી. શિક્ષણ વિભાગના અધિકારીઓ, ભૂતપૂર્વ આચાર્ય રામજીભાઈ પટેલ અને મહિપાલ વાળા સાહેબની પણ નોંધપાત્ર હાજરી રહી, જેમણે નવી શાળા બિલ્ડિંગ અને સુવિધાઓનું નિરીક્ષણ કરીને પ્રશંસા વ્યક્ત કરી.

લોકાર્પણ સાથે જ શાળાના સ્થાપના દિવસની ઉજવણી પણ કરવામાં આવી, જેમાં વિદ્યાર્થીઓએ લોકનૃત્ય, ગીત-રંગભૂમિ અને સાંસ્કૃતિક કાર્યક્રમોની સુંદર રજૂઆત કરી. આ કાર્યક્રમને વાલીગણ અને ગામજનોનો વિશાળ પ્રતિસાદ મળ્યો હતો.

ટાપરવાડા ગામમાં નવી શાળાની શરૂઆતને કારણે બાળકો માટે ગુણવત્તાસભર શિક્ષણની તકો વધશે અને સ્થાનિક પરિવારોને પણ સીધી મદદ મળશે. કાર્યક્રમ દરમિયાન અનેક વાલીઓએ આ નવી શરૂઆતને ગામના વિકાસ માટે મહત્વપૂર્ણ ગણાવી.

**રિપોર્ટ : મહેન્દ્ર સોલંકી**

## વડોદરા રેન્જની બેન્ડ સ્પર્ધામાં કંડારી અને બરોડા શાળાઓ વિજેતા



વડોદરા રેન્જના વડોદરા ગ્રામ્ય, છોટાઉદેપુર, નર્મદા અને ભરૂચ જિલ્લાઓ સાથે વડોદરા શહેરની શાળાઓ માટે બેન્ડ સ્પર્ધાનું આયોજન છાણી સ્થિત જિલ્લા હેડક્વાર્ટર ખાતે કરવામાં આવ્યું. આમંત્રિત ચાર શાળાઓમાંથી માનવ કેન્દ્ર જ્ઞાન મંદિર, કંડારી અને બરોડા હાઈસ્કૂલ, બગીખાના સ્પર્ધામાં હાજર રહ્યા, જ્યારે વિદ્યુત બોર્ડ વિદ્યાલય અને છોટાઉદેપુરની જવાહર નવોદય વિદ્યાલય ગેરહાજર રહ્યાં. સ્પર્ધામાં બંને હાજર શાળાઓએ ઉત્તમ પ્રતિભા દર્શાવી. બરોડા હાઈસ્કૂલની પાઈપ બેન્ડે મ્યુઝિકલ કોર્ડિનેશન, ચાલ-ફોર્મેશન અને તાલ–લયનો દેખાવ પ્રભાવશાળી રીતે કર્યો. બીજી તરફ કંડારીની માનવ કેન્દ્ર જ્ઞાન મંદિરની બ્રાસ બેન્ડે સંગીતના સ્વર, સાધનોની ગુણવત્તા અને સઘન તૈયારીના આધારે વધુ મજબૂત પ્રદર્શન આપ્યું.નિર્ણાયકોએ વિવિધ માપદંડો આધારે પાઈપ બેન્ડ કેટેગરીમાં બરોડા હાઈસ્કૂલને પ્રથમ અને બ્રાસ બેન્ડ કેટેગરીમાં કંડારીની માનવ કેન્દ્ર જ્ઞાન મંદિરને વિજેતા જાહેર કર્યો. બંને શાળાઓને રાજ્ય સ્તરની સ્પર્ધા માટે પસંદ કરવામાં આવી.અમદાવાદના નગરવાલા સ્ટેડિયમ ખાતે યોજાયેલી રાજ્ય સ્તરની સ્પર્ધામાં કંડારી શાળાએ સમગ્ર ગુજરાતમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું. હવે તે ગોવામાં યોજાનારી રાષ્ટ્રીય બેન્ડ સ્પર્ધામાં રજૂઆત કરશે, જે શાળા અને જિલ્લાના ગૌરવમાં વધુ વધારો કરે છે.

## દિપેશ જૈનને ઇન્ટરનેશનલ આયુષ ઉદ્યોગસાહસિક સમ્માન

જયપુરમાં આયોજિત ઇન્ટરનેશનલ આયુષ કોન્ક્લેવ 3.0માં વડોદરાના શગુન નેચરોવિટાના સ્થાપક દિપેશ શંતિલાલ જૈનને 'આયુષ ઉદ્યોગસાહસિક સમાન'થી સન્માનિત કરવામાં આવ્યા. રામાડા બાય વિન્ધમ હોટેલમાં યોજાયેલા આ પ્રતિષ્ઠિત કાર્યક્રમમાં સિવિક—આંતરરાષ્ટ્રીય વૈદિક એકીકરણ અને સહકાર પરિષદ—એ તેમને હોમિયોપેથીક દવાઓ, હર્બલ કોસ્મેટિક્સ અને વેલનેસ ઈનોવેશન ક્ષેત્રે આપેલા યોગદાન બદલ માન્યતા આપી.

શગુન નેચરોવિટા અને નમન કોર્પોરેશનની NC Series દ્વારા વિકસાવવામાં આવેલા હર્બલ ફોર્મ્યુલેશન્સે બજારમાં અલગ ઓળખ ઉભી કરી છે, જેના કારણે દેશ-વિદેશના નિષ્ણાતોએ તેમની કામગીરીને પ્રશંસા આપી.

કોન્ક્લેવમાં ભારત, યુરોપ અને એશિયાના અનેક આયુષ નિષ્ણાતો, સંશોધકો અને ઉદ્યોગસાહસિકોની હાજરી રહી. કાર્યક્રમનો મુખ્ય હેતુ વૈદિક ચિકિત્સા પદ્ધતિઓનું એકીકરણ અને વૈશ્વિક આરોગ્ય ક્ષેત્રમાં નવીનતાઓને વેગ આપવાનો હતો. દિપેશ જૈને સન્માન સાથે ઉદ્યોગમાં વધુ ગુણવત્તાયુક્ત અને પ્રાકૃતિક ઉત્પાદનો લાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો.

રિપોર્ટર: મહેન્દ્ર સોલંકી, વડોદરા.




**જયપુર આયુષ કોન્ક્લેવ 3.0 માં શગુન નેચરોવિટાના દિપેશ જૈનને આયુષ ઉદ્યોગસાહસિક સમાન એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા.**

## વડોદરાના પૂર્વ-દક્ષિણમાં 25 થી 27 નવેમ્બર પાણી પુરવઠો રહેશે બંધ

વડોદરા મ્યુનિસિપલ તંત્રએ જાહેર કર્યું છે કે 25થી 27 નવેમ્બર દરમિયાન શહેરના પૂર્વ અને દક્ષિણ વિસ્તારમાં પાણી પુરવઠો બંધ રહેશે. આજવા સરોવરથી નિમેટા સુધી નવી 1524 મીમી વ્યાસની લાઈન નાખવાના કામને કારણે આ શટડાઉન જરૂરી બન્યું છે. પાણીગેટ, નાલંદા, ગાજરાવાડી, બાપોદ, સયાજીપુરા, સંખેડા, મહેશનગર, દંતેશ્વર, નંદ ગામ સહિતના વિસ્તારોમાં સપ્લાય સંપૂર્ણ બંધ રહેશે. આજવા અને લાલબાગ ટાંકીમાંથી કેટલાક વિસ્તારોમાં કાપથી પુરવઠો મળશે. 27મીની સાંજથી પાણી ઓછા પ્રેશરમાં ઉપલબ્ધ થશે. રહીશોને પૂરતું પાણી સંગ્રહ કરવાની અપીલ કરવામાં આવી છે.

## સુરતમાં નકલી દસ્તાવેજ બનાવટીથી અફઘાન નાગરિક પકડાયો

સુરતમાં અફઘાનિસ્તાનના મોહમદ આમીર જાવીદ ખાન સામે નકલી જન્મ પ્રમાણપત્ર બનાવી ભારતીય નાગરિકતા મેળવવાનો પ્રયાસ કરવા બદલ ગુનો નોંધાયો છે. નકલી દસ્તાવેજોના આધારે પાસપોર્ટ, આધાર, પાન અને મતદાર કાર્ડ મેળવ્યા હતા. મહારાષ્ટ્રના અગજાન નામના સાગરીત સાથે મળીને કાવતરું રચાયું હતું. ચોકબજારમાં બનેલી ઘટનામાં આમીરની ધરપકડ થઈ છે, જ્યારે અગજાન ફરાર છે. ઘટનાએ દસ્તાવેજ સુરક્ષાને લઈને ગંભીર સવાલો ઊભા કર્યા છે.

## છાણીમાં આંગડિયા રકમ વિવાદે અપહરણ-દબાણનો કેસ નોંધાયો

છાણી પોલીસ સ્ટેશનમાં દાખલ ફરિયાદ મુજબ આંગડિયા રકમને લઈને થયેલા વિવાદ બાદ એક યુવકને અપહરણ કરી દબાણ કરાયો હતો. નવેમ્બર 2024માં યુએસએના કેલિફોર્નિયામાં 91,000 ડોલર પીકઅપ થયા છતાં ગંતવ્ય સુધી ન પહોંચતા વિવાદ સર્જાયો હતો. ફરિયાદી અનુસાર, અનેક વ્યક્તિઓએ મળીને તેને ધમકાવી રૂ. 27 લાખ પડાવી લીધા હતા. સુરેન્દ્રનગરના સાયલા નજીક તેને અટકાવી દબાણ કરાયું અને મૂલ્યવાન વસ્તુઓ પણ લઈ લેવાઈ. 10 નવેમ્બરે વધુ 10 લાખ માટે ધમકી આપવામાં આવી. કેસ 19 નવેમ્બર 2025ના રોજ નોંધાયો.

## હરણી રોડ પર ચાલતા દંપતીને ચેઈન સ્નેચિંગનો ભોગ

હરણી રોડ વિસ્તારમાં ચાલતા દંપતીને નિશાન બનાવતી ચેઈન સ્નેચિંગની ઘટના પ્રકાશમાં આવી છે. 18 નવેમ્બર 2025ની રાત્રે 9.30 વાગ્યે કૃષ્ણકાંત શાહ પોતાની પત્ની સાથે નાગેશ્વર સોસાયટી પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે મોટરસાયકલ પર આવેલા બે યુવાનોમાંથી પાછળ બેઠેલા શખ્સે તેમના ગળામાંથી એક તોલાની સોનાની ચેઈન આંચકી લીધી અને તરત જ ભાગી ગયો. ચેઈનની કિંમત આશરે રૂ. 40,000 જેટલી છે. ફરિયાદ 19 નવેમ્બરે નોંધવામાં આવી હતી. ઘટનાસ્થળની આસપાસની હલચલ, માર્ગની સ્થિતિ અને સંભવિત સીસીટીવી ફૂટેજના આધારે બનાવની તપાસ શરૂ છે.

## ગોત્રી રોડ પર ફોર-વ્હીલર ટક્કરે બાઈક સવાર ઘાયલ

ગોત્રી રોડ પર ઇસ્કોન એટ્રીયા 1 નજીક 11 નવેમ્બર 2025ની સવારે ગંભીર અકસ્માત સર્જાયો હતો. ફરિયાદી રઘુનાથ મોહીતે પોતાની મોટરસાયકલ પર જઈ રહ્યા હતા ત્યારે પાછળથી આવેલી ફોર-વ્હીલર (GJ 06 PM 1889), જે ચલાવતા અશોક સાવલિયા હતા, તેમની બાઈક સાથે અથડાઈ હતી. ટક્કરના કારણે ફરિયાદી રોડ પર પટકાઈ ગયા અને તેમના પગના અંગૂઠામાં, હાથની આંગળીમાં, નાક પર અને પાંસળીમાં ઈજાઓ થઈ હતી. ઘટના બાદ ફરિયાદ 19 નવેમ્બર 2025ના રોજ નોંધાઈ હતી. ગોત્રી રોડના વ્યસ્ત ટ્રાફિક વિસ્તારમાં બનેલી આ ઘટનાની તપાસ ચાલુ છે, જેમાં અકસ્માત સમયે પરિસ્થિતિઓનું વિશ્લેષણ કરવામાં આવી રહ્યું છે.

**સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫**

## ભારતમાળા એક્સપ્રેસવે પર અકસ્માતે બેના જીવ ગુમાવ્યા

વડોદરા તાલુકાના ભારત માલા ન્યુ એક્સપ્રેસ રોડ પર બનેલી ગંભીર માર્ગ અકસ્માતની ઘટનાએ વિસ્તારમાં શોકનું મોજું ફેલાવ્યું છે. ફરિયાદી ઉમેશભાઈ નારણભાઈ વિરાણી પોતાની મારુતિ સુઝુકી અર્ટીકા કારમાં મુસાફરી કરી રહ્યા હતા ત્યારે અચાનક આગળ જતી ટાટા ટ્રકને પાછળથી જોરદાર અથડામણ થઈ હતી. અથડામણ એટલી ભયાનક હતી કે કારમાં સવાર બે મુસાફરો—મેહુલભાઈ જયંતીભાઈ ગલાણી (૨૬) અને અશ્વિનભાઈ પુરુષોત્તમભાઈ પટેલ (૪૮)—ને ગંભીર ઈજાઓ થતાં ઘટનાસ્થળે જ તેમનું દુર્ભાગ્યપૂર્ણ મોત થયું હતું. અકસ્માતમાં ફરિયાદી અને અન્ય સાક્ષી હળવી રીતે ઘાયલ થયા હતા. વહેલી સવારમાં બનેલી આ દુર્ઘટનાએ એક્સપ્રેસવે પર વાહનચાલનમાં સાવચેતી અને પુરતી અંતર જાળવવાની જરૂરીયાત ફરી એક વાર ચેતવણી રૂપે ઉભી કરી છે.

## વડોદરામાં લોન મંજૂરીના બહાને છેતરપિંડી ગેંગ પકડી

વડોદરાના કલાલી ચાપટ રોડ પર આવેલા વિન્ટેજ બંગલામાંથી વિદેશી નાગરિકોને લોન મંજૂરીના બહાને છેતરતી ગેંગનો પર્દાફાશ થયો છે. ટીમને બાતમી મળી હતી કે કેટલાક વ્યક્તિઓ ઇન્ટરનેશનલ કોલ દ્વારા વિદેશી નાગરિકો સાથે લોન પ્રક્રિયા પૂર્ણ થઈ ગયાની ખોટી માહિતી આપી છેતરપિંડી ચલાવી રહ્યા છે. રેડ દરમિયાન ત્રણ યુવકો ફોન પર લોન સંબંધી વાતચીત કરતા મળી આવ્યા હતા.

આરોપીઓ 'પ્રોસ્પર ફાયનાન્સ કંપની'ના કર્મચારી તરીકે ઓળખ આપી પીડિતોને તેમની ડેબિટ કાર્ડ વિગતો શેર કરવા પ્રેરતા હતા. ત્યારપછી મેળવનાર રકમને ક્રિપ્ટો કરન્સી USDTમાં પરિવર્તિત કરી આંગડિયા મારફતે હસ્તગત કરવામાં આવી રહી હતી.

તપાસમાં જાણવા મળ્યું કે ટોળકીએ ફાયનાન્સ કંપનીના નામે ખોટા એગ્રીમેન્ટ અને દસ્તાવેજો બનાવી વધુ લોકોને છેતરવાનો પ્રયત્ન કર્યો હતો. આ કાર્યવાહી દરમિયાન ટીમે છ મોબાઈલ ફોન,




એક લેપટોપ અને રાઉટર સહિતનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

પ્રારંભિક માહિતી પરથી કેસ નોંધાયો છે અને તપાસ દરમિયાન ફર્જી દસ્તાવેજો બનાવવાના પુરાવા મળતા વધારાની કલમોનો સમાવેશ થયો છે. નાગરિકોને ચેતવણી આપવામાં આવી છે કે જો કોઈ અજાણ્યા કોલર દ્વારા લોન મંજૂર થવાની માહિતી આપવામાં આવે, તો તેની સત્યતા ચકાસ્યા વગર કોઈ વિગતો શેર ન કરે. જો કોઈ પણ સાયબર છેતરપિંડીનો ભોગ બને તો તરત જ નજીકના પોલીસ સ્ટેશન અથવા નેશનલ હેલ્પલાઇન 1930નો સંપર્ક કરવા અનુરોધ છે.

## ચુલડી ગીર ગામે MVU ટીમે ગાયને બચાવી જીવદાન આપ્યું



EMRI Green Health Service હેઠળ કેન્દ્ર સરકારની અનોખી મુવેબલ વેટરનરી યુનિટ (MVU) સેવા ગ્રામ્ય વિસ્તારોમાં પશુઓને તાત્કાલિક અને નિશુલ્ક સારવાર પૂરી પાડી રહી છે. આ યોજનાનો લાભ લેતા જૂનાગઢ જિલ્લાના માળીયા હાટીના ચુલડી ગીર ગામના ખેડૂત સયડા મહેશભાઈએ પોતાની ગાયને "સિંગડાની દવા" માટે 1962 MVU ટીમનો સંપર્ક કર્યો હતો.

તપાસ દરમ્યાન ડૉક્ટરોએ ગાયને કેન્સર હોવાનું નિદાન કર્યું અને તરત જ ઓપરેશન કરવાની જરૂર જણાઈ. ગળુ ગામની MVU ટીમ—ડૉ. રવિ મોરી, ડૉ. નિકુંજ સોલંકી, પાયલોટ કમ ડ્રેસર કલ્પેશ ગીરી અને પાયલોટ સાગરભાઈ—એ લગભગ ત્રણ કલાકની મહેનત બાદ સફળ સર્જરી કરીને ગાયનું સિંગડું દૂર કર્યું હતું. ઓપરેશન બાદ ગાયને પીડામાંથી રાહત મળતાં ખેડૂતે ટીમ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. સેવા સંપૂર્ણ નિશુલ્ક હોવાને કારણે આ પહેલ ગ્રામ્ય વિસ્તારોમાં આશીર્વાદરૂપ બની રહી છે. MVU પ્રોગ્રામ મેનેજર ડૉ. પ્રગનેશ સર અને પ્રોજેક્ટ કોઓર્ડિનેટર સુફીયાન સરે ટીમની માનવતાભરી કામગીરીને બિરદાવતાં તેને ઉત્તમ સેવા તરીકે સરાહ્યું છે.

**રિપોર્ટર: હર્ષ ભરડા, કેશોદ**

## વડોદરામાં રિક્ષામાં મુસાફરી દરમિયાન મહિલાનો કિંમતી મોબાઈલ ચોરાયો

"વડોદરા શહેરમાં રિક્ષા મુસાફરોને નિશાન બનાવતી ગેંગ ફરી સક્રિય થઈ હોય તેમ લાગી રહ્યું છે. ઝાલોદના વતની પિન્કીબેન ડામોર ૧૮મી નવેમ્બરે રિક્ષામાં બેસીને છાણી જકાતનાકા તરફ જઈ રહ્યા હતા. મુસાફરી દરમિયાન કોઈ અજાણ્યા ગઠિયાએ નજર ચૂકવીને તેમની પાસે રહેલો ૧૫,૦૦૦ રૂપિયાની કિંમતનો ઓપો કંપનીનો મોબાઈલ સેરવી લીધો હતો. મોબાઈલ ગાયબ હોવાનું ધ્યાને આવતા જ પિન્કીબેને ફતેગંજ પોલીસનો સંપર્ક કર્યો હતો. આ ઘટના અંગે પોલીસે ગુનો નોંધીને રિક્ષામાં મુસાફરી કરતા શંકાસ્પદ ઈસમોની તપાસ હાથ ધરી છે."

## ગોલ્ડન બ્રિજ પર બે અલગ અકસ્માત, એકનો અંત દુઃખદ

હરણી વિસ્તારમાં બે દિવસમાં બનેલા બે રસ્તા અકસ્માતોમાં એક ઘટનાએ જીવ લીધો છે. 20 નવેમ્બરના રોજ ગોલ્ડન બ્રિજ પર અશોક લેલેન્ડ ટ્રક (GJ 15 AT 8453)એ ગફલતભર્યા ડ્રાઇવિંગથી ઉભેલી આઈસર ટ્રક (GJ 23 AT 3554)ને ઠોકર મારતા ₹1.50 લાખનું નુકસાન થયું હતું.

તે પછી 21 નવેમ્બરે બ્રિજ નીચે ગાયત્રી ઢાબા નજીક વધુ ગંભીર અકસ્માત બન્યો હતો. દિનેશકુમાર રાઠવા (34) ચલાવતી ટ્રક (GJ 17 XX 8133) આગળ ઉભેલી આઈસર ટ્રક (GJ 36 V 2369) પાછળ જઈ અથડાઈ હતી. ગંભીર ઇજાઓને લીધે તેમને સારવાર પહેલા જ જીવ ગુમાવવો પડ્યો હતો.

## વડોદરામાં દારૂબંધી હેઠળ 47 કેસ અને 43 ધરપકડ

વડોદરા શહેરમાં દારૂબંધી અંગે કુલ 47 કેસ નોંધાયા છે. કાર્યવાહી દરમિયાન 23 લિટર દેશી દારૂ અને 128 ક્વાર્ટર સાથે 5 બોટલ વિદેશી દારૂ મળી આવ્યા, જેની કુલ કિંમત ₹18,210 થાય છે. શહેરના વિવિધ વિસ્તારોમાં દારૂના સેવન અને હવાલા સંબંધિત ફરિયાદો પર પગલાં લેવામાં આવતા કુલ 43 ઈસમોની અટકાયત કરવામાં આવી છે, જેમાં 38 લોકો દારૂના નશામાં મળી આવ્યા હતા. શહેરમાં દારૂબંધી કાયદાનું ઉલ્લંઘન અટકાવવા સતત દેખરેખ ચાલુ છે.

## મોલમાં ચોરી અને મહિલાની દુષ્કર્મ-ધમકીની બે ગંભીર ઘટનાઓ

વડોદરામાં બે જુદા બનાવોમાં દુકાનમાં ચોરી અને દુષ્કર્મ સાથે એટ્રોસીટીની ગંભીર ફરિયાદો સામે આવી છે. અકોટા વિસ્તારમાં આવેલા ગેલેરીયા મોલના ડી-માર્ટમાં 20 નવેમ્બરે બે મહિલાઓ ₹20,409નો સામાન બિલ વગર લઈ જવાના પ્રયત્નમાં ઝડપાઈ ગઈ હતી. તેમણે માત્ર ₹3,063નું જ બીલ બનાવ્યું હતું, જ્યારે બાકી સામાન ચોરી કરવાનો પ્રયાસ કરતી હોવાની માહિતી મળી છે. મોલ સુરક્ષા દ્વારા પકડાયા બાદ મામલો ચર્ચામાં આવ્યો છે.

બીજા બનાવમાં મકરપુરા વિસ્તારમાં રહેતી એક મહિલાએ છબીલાલ કિશનરાવ પાટીલ સામે દુષ્કર્મ, છેતરપિંડી અને એટ્રોસીટીની ગંભીર ફરિયાદ નોંધાવી છે. ફેબ્રુઆરી 2025થી આરોપી લગ્નની લાલચ આપી મહિલા સાથે સતત સંબંધ રાખતો હતો. પાવાગઢ લઈ જઈ હારતોરા કરાવી પતિ-પત્ની તરીકે રહેવાનું વચન આપ્યું પરંતુ કાયદેસરના લગ્નમાં સતત ટાળો કર્યો. 19 નવેમ્બરે મહિલાએ લગ્ન અંગે પૂછતા આરોપી ઉશ્કેરાયો હતો. તેણે ગાળો આપી પટ્ટાથી માર માર્યો, લાતો મારી અને જાનથી મારી નાખવાની ધમકી આપતાં વાત વધુ ગંભીર બની ગઈ હતી. મહિલા અને તેના પરિવારને ધમકીઓ મળતાં કેસે સંવેદનશીલ વળાંક લીધો છે.




## શહેરમાં પાંચ જુદા સ્થળેથી બાઇક ચોરીની વધતી બનાવો

વડોદરા શહેરમાં અલગ-અલગ વિસ્તારોમાંથી પાંચ બાઇક ચોરીના બનાવો સામે આવ્યા છે. ફતેગંજ, બાપોદ અને નવાપુરા વિસ્તારોમાં પલ્સર, પેશન પ્રો, હોન્ડા શાઇન અને બે એક્ટિવાનો સમાવેશ થાય છે. શંકરવાડી ફુટપાથ, આજવા રોડના રાત્રી બજાર ગેટ, રાજમહેલ રોડના અશ્વમેઘ કોમ્પ્લેક્સ તથા ફતેગંજ બ્રિજ અને નિઝામપુરા પેટ્રોલ પંપ પાસે પાર્ક કરેલી બાઇકો અજાણ્યા શખ્સો ઉઠાવી ગયા હતા. બાઇકોની કુલ કિંમત અંદાજે ₹70,000 જેટલી હોવાનું માલુમ થયું છે. શહેરના જુદા-જુદા વિસ્તારોમાં બનતા આવા બનાવોને કારણે લોકચિંતામાં વધારો થયો છે.

## તરસાલી બ્રિજ પાસે ટ્રક ડ્રાઈવર પર હુમલો, જાનથી મારવાની ધમકી

વડોદરાના તરસાલી બ્રિજ નજીક ટ્રાફિકને કારણે અટકેલી ભેંસો ભરેલી આઈસર ટ્રક (GJ-19-Y-4159) પર ચાર અજાણ્યા ઈસમોએ હુમલો કર્યો હતો. ડ્રાઈવર શહેઝાદ શાહ અને મિત્ર મોઈનને કતલખાને પ્રાણીઓ લઈ જવાના શંકાસ્પદ આરોપો મૂકી લાકડાના દંડાથી માર મારવામાં આવ્યો હતો. હુમલાખોરોએ બંનેને ટ્રકમાંથી નીચે ઉતારી ઘેરા ઘા કર્યા ઉપરાંત ટ્રકના કાચ તોડી નુકસાન પણ કર્યું હતું. બાદમાં ફરી આ રસ્તાથી પસાર થશો તો જાનથી મારી નાખવાની ધમકી આપી ભાગી છૂટ્યા હતા. અચાનક બનેલી આ ઘટનાએ ડ્રાઈવર વર્ગમાં ભયનું માહોલ સર્જ્યો છે જ્યારે હુમલાના કારણો અંગે ચર્ચા ચાલી રહી છે.

સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫